ભૂવો પડવાથી ટ્રાફિક જામ થતા સમગ્ર વિસ્તારના સ્થાનિકોને હાલાકી ભોગવાનો વારો આવ્યો

# રાવપુરામાં મુખ્ય માર્ગ પર ભૂવો પડ્યો

**પ્રિ-મોન્સુનની** ૮૫% કામગીરી પૂર્ણ છતાં ચોમાસાના પહેલાજ વરસાદમાં શહેરમાં ઠેરઠેર પાણી ભરાયાં



(પ્રતિનિધી) વડોદરા તા.10

વડોદરા મહાનગર પાલિકા દ્વારા કહેવમાં આવ્યું હતું કે શહેરનું પ્રિ મોન્સુન નું કામ ૮૫% પૂર્ણ કરી લેવામાં આવ્યું છે ત્યારે ચોમાસાના પહેલાજ વરસાદમાં ઠેરઠેર પાણી ભરાયાં હતાં. વડોદરા રાવપુરા પોસ્ટ ઓફિસથી ખરીવવાના મુખ્ય માર્ગ પર ગત રાત્રિના પહેલા વરસાદમાં મસમોટો ભૂવો પડ્યો હતો.

જેથી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.આ ખૂબ વ્યસ્ત રોડ પર પોસ્ટ ઓફિસ આવેલી છે. ઘણી હોસ્પિટલો આવેલી છે. દવાની દુકાનો આવેલી છે. જ્યા ઈમરજન્સી માટે એમ્બ્યુલન્સ પણ આવતી હોય છે એ વ્યસ્ત રોડ પર બે મહિના પહેલા પાઈપલાઈનનું કામ પૂર્ણ કરી રસ્તો નવો બનાવવા ામાં આવ્યો હતો. ત્યારે આ રોડ પર ભૂવો પડે એ શક્ય નથી. પરંતુ સેવાસદનના નગરસેવક,અધિકારીઓ અને કોન્ટ્રાકટર ભેગા મળી મેવા ખાવા સિવાય કોઈ કામ કરતા નથીને સાબિત થાય છે.

કહેવાય તો એવું છે કે ચોમાસુ આવે એટલે ક્યાંકને ક્યાંક ભૂવા પડે પણ વડોદરામાં કઈક અલગ છે ભૂવા પડે એટલે વરસાદ આવે. ભૂવો પડવાથી ટ્રાફિક જામ થયો હોવાથી આ વિસ્તારના સ્થાનિકોને હાલાકી ભોગવાનો વારો આવ્યો છે.

## માંજલપુરમાં પાલિકાની પોલ ખુલ્લી પડી



વડોદરા ગત રાત્રિના વીજળીના કડાકા સાથે વરસાદે મેહર કરી હતી ત્યારે શહેરનાં કેટલાય વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. પાલિકાની પ્રિ મોન્સુન કામગીરીને લઈને સવાલો ઉઠ્યા હતા. શહેર ના માંજલપુર વિસ્તાર થી કાશીવિશ્વનાથ મંદિર તરફ જવાના રસ્તે પાણી ની પાઈપો નાખવા નું કામ ચાલી રહ્યું છે અને ત્યાં ખાડા ખોદી ખુલ્લા મૂકી દેવામાં આવ્યા હતા. નાતો ત્યાં કોઈ સિક્યોરિટી કે ના કોઈ બેરિકેટ મૂકવામાં આવ્યા હતા. લાલ બાગ બ્રિજ ઊતરતાજઆ ખાડા ખોદવામાં આવ્યા છે અને ખાડા ખોદી ને માટીના ઢગલાં કરવા માં આવ્યા છે ત્યારે કોઈ ગાડી કે ટુ વ્હીલર આ ખાડા માં ખાબકે અને કોઈ અકસ્માત સર્જાય તો એનો જવાબદાર કોણ.બીજી બાજુ કાશીવિશ્વનાથ મંદિરથી બ્રિજ નીચેથી માંજલપુર જવાના રસ્તે ખૂબ પાણી ભરાઈ ગયા હતા. ત્યાં પણ ડ્રેનેજ લાઈન ને લઈ ને છેલ્લા ૧૫ દિવસ થી કામ કરવા માં આવી રહ્યું છે પણ હજી સુધી કોઈ કામ પૂર્ણ થયું નથી આ જગ્યા એ ટર્ન લેવા નો હોય છે અને માટીના ઢગલા થી વરસાદમાં કારણે કાદવ થઈ ગયો જોવા મળે છે.જો કોઈ બે પહીયા કે ફોરવિલર ટર્ન મારતા સ્લીપ થઈ જાય અથવા ફોરવિલર અંધારા માં કોઈ ખાડામાં ખાબકે અને કોઈ જાન હાની થાય તો એનો જવાબદાર કોણ.

## NEET પરીક્ષામાં ગેરરીતિ મામલે પેરેન્ટ્સ એસોસિએશનની રજૂઆત : ગ્રેસ માર્ક્સ અંગે પરીક્ષાના આયોજકો શંકાના દાયરામાં



વડોદરા પેરેન્ટ્સ એસોસિએશનના એક પ્રતિનિધિ મંડળ દ્વારા વાલીઓને સાથે રાખીને NEET પરીક્ષાના પરિણામ બાબતે કેન્દ્રીય શિક્ષણ મંત્રીને ઉદ્દેશીને લખેલ પત્ર જીલ્લા કલેક્ટરને આપવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વે માગણીઓ અલગ અલગ મુદ્દાઓ વિશે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તાજેતરમાં જાહેર થયેલ NEET પરીક્ષાના પરિણામને લઈને અનેક વિવાદો સામે આવી રહ્યા છે. પ્રથમ રેન્ક માટે 67 જેટલા વિદ્યાર્થીઓનું નામ જાહેર થવું એ એક આશ્ચર્યજનક બાબત છે સાથે સાથે એક જ સેન્ટર ઉપર 6 વિદ્યાર્થીઓના 720 માર્કસ સાથે પ્રથમ ક્રમાંક અને દ્વિતીય ક્રમાંકનો એક, વિદ્યાર્થીઓ હોવું એ પણ આશ્ચર્યજનક બાબત છે. તેમ જ સામૂહિક ચોરી અંગે ગોધરા સેન્ટર અને બિહારના કેટલાક સેન્ટરો વિશે વર્તમાન પત્રોમાં પણ આ બાબતનો ઉલ્લેખ થયેલ છે. જાહેર થયેલ પરિણામમાં નજીક નજીકના ક્રમાંકિત વિદ્યાર્થીઓ પણ પ્રથમ નંબરે પાસ થયેલ છે. જે શંકા ના દાયરામાં આવે છે. ગ્રેસ માર્ક અંગે પણ પરીક્ષા આયોજકો શંકાના દાયરામાં છે. આમ ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને તેમજ ભવિષ્યમાં જે વિદ્યાર્થીઓ NEETની પરીક્ષા આપવા જઈ રહ્યા છે. તેમના ભવિષ્ય સાથે રમત ન થાય તે માટે શિક્ષણ મંત્રી દ્વારા યોગ્ય કાર્યવાહીના આદેશ માટે માંગણી કરવામાં આવી છે.

કોટના નદી કિનારે વહીવટી તંત્ર દ્વારા આયોજન કરાયું

## નદીઓમાં ડૂબી જવાથી મૃત્યુ થવા અંગે મોકડ્રિલ યોજાઈ

**ચોમાસુ** નજીક છે ત્યારે નદી કિનારા અને નીચાણ વાળા વિસ્તારમાં અચૂક પાણી ભરાય છે



(પ્રતિનિધી) વડોદરા તા.10

વડોદરા છેલ્લા કેટલા વખત થી નદીમાં નાહવા ગયેલ સેહલાણીઓ નદીમાં ઊંડે ઉતરી જતા અને વેહતા પાણીમાં વહી જવાથી મૃત્યુ થયા એવા અનેકો બનાવ બન્યા હતા. ત્યારે ચોમાસાને ધ્યાનમાં રાખી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજ રોજ મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા પાસે આવેલી મહીસાગર, કોટના નદી, નારેશ્વર ગરમીના પ્રકોપ થી પ્રવાસીઓની નદી કિનારે ઉમટી પડયા હતા અને અને નદીમાં તણાઈ જવાથી કે ડૂબી જવાથી મૃત્યુ થયા હતા ત્યારે સોમવારે કોટના નદી કિનારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રિલમાં ફાયર, પોલીસ, ગ્રામજનો સહિત તરવૈયા હજાર રહ્યા હતા. પોલીસ અને ફાયર વિભાગના અધિકારીઓએ ગામના લોકો પાણીમાં લોકોએ કયા પ્રકારની સાવધાની રાખવી જોઈએ તે અંગે માહિગાર કર્યા હતા. ચોમાસુ નજીક છે અને નદી કિનારા અને નીચાણ વાળા વિસ્તારમાં અચૂક પાણી ભરાતા હોય છે ત્યારે બચાવ કામગીરી કેવી રીતે કરવી એપણ શીખવાડવામાં આવ્યું હતું.

ગાયકવાડી શાસનકાળ દરમિયાનની હવેલીમાં ભાડુઆતોનો વસવાટ

## સવારે 5:30 કલાકે જૂની હવેલી ભાવ શીંધે મંદિરનો એક ભાગ કડડભૂસ

**શહેરમાં** હજી પણ કેટલીક જર્જરિત મિલ્કતો ભયનજનક



(પ્રતિનિધી) વડોદરા તા.10

વડોદરામાં તેજ પવનો અને કાળા ડિબાંગ વાદળોની ફોજ લઈ વીજળીના કડાકા સાથે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. તેવામાં વહેલી સવારે વારસિયા પોપ્યુલર બેકરી સામે આવેલ જૂની હવેલી ભાવ શીંધે મંદિરનો રોડ સાઈડ પર એક ભાગ ધરાશાયી થયો હતો. સદ નસીબે વહેલી સવારે આ ઘટના બનતા મોટી દુર્ઘટના થતા ટળી હતી.

વડોદરામાં રવિવારે મેઘરાજાની પધરામણી થઈ હતી. પ્રથમ એન્ટ્રીમાં જ શહેરમાં ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી, હોર્ડિંગ્સ તૂટી પડવાના બનાવો બન્યા હતા. જ્યારે અકોટામાં એક વૃદ્ધનું વીજળી પડવાથી મોત અને એક મહિલાને સામાન્ય ઈજા પહોંચી હતી. જ્યારે ભાયલીમાં વીજળીને કારણે ધાબાનો સ્લેબ પણ તૂટી પડ્યો હતો. ત્યારે હવે જૂની જર્જરિત ઈમારતો જેને નિર્ભયતા વિભાગે નોટિસ આપવા છતાં પણ હજી આવી મિલ્કતોને ઉતારી લેવામાં નહિ આવતા મોટા અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે. વડોદરાના વારસિયા વિસ્તારમાં વર્ષો જૂની એક મિલ્કતનો રોડ સાઈડનો એક ભાગ તૂટી પડવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર વારસિયા પોપ્યુલર બેકરી સામે ગાયકવાડી શાસનકાળ દરમિયાનની જૂની હવેલી જેમાં ભાવ શીંધેનું મંદિર આવેલું છે.જેનો એક ભાગ એકાએક તૂટી પડ્યો હતો. આ અંગે માહિતી આપતા સ્થાનિક બાબુભાઈએ જણાવ્યું હતું કે, વર્ષો જૂની આ જૂની હવેલી છે. જેમાં ભાવ શીંધેનુ ઐતિહાસિક મંદિર આવેલું છે. અહીં ત્રણથી ચાર પરિવારો રહે છે. પણ હાલમાં આ મિલ્કત પડતરરૂપ છે. ત્રણથી ચાર પરિવારો ભાડુઆત રહે છે. જોકે તેઓ હાલ બીજે રહેવા જતા રહ્યા છે. અને હાલમાં ચારથી પાંચ વ્યક્તિઓ રહે છે. હજી આ મિલ્કતનો કબ્જો કોઈને સોંપવામાં આવ્યો નથી. આજે સવારે 5:30 વાગ્યાની આસપાસ રોડ સાઈડનો એક મોટો ભાગ તૂટી પડ્યો હતો. સારું છે કે વહેલી સવારે આ ઘટના બની. કોઈ જાનહાનિ થઈ નથી.

લક્ષ્મીપુરા તથા બાપોદ પોલીસ સ્ટેશનમાં સોંપાયા

## તડીપાર બે આરોપીને SOGએ ઝડપી પાડ્યાં

**બંને** આરોપીને 6 મહિના માટે શહેરમાંથી તડીપાર કરાયા હતા





(પ્રતિનિધી) વડોદરા તા.10

વડોદરા શહેરમાંથી તડીપાર કરાયેલા બે આરોપીને એસઓજીએ ઝડપી પાડી આગળની કાર્યવાહી માટે લક્ષ્મીપુરા તથા બાપોદ પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા છે. વારંવાર ગુનાઈત પ્રવૃતિઓ આચરતા આરોપીઓને વડોદરા શહેરમાંથી પોલીસ દ્વારા તડીપાર કરવામાં આવતા હોય છે. પરંતુ આ આરોપીઓ તડીપારના હુકમનો ભંગ કરીને ફરી છુપી રીતે શહેરમાં પ્રવેશ કરી રહેતા હોય છે. ત્યારે 10 જૂનના રોજ એસઓજીની ટીમ શહેરમાંથી હદપાર કરેલા આરોપીઓને ચેક કરવા માટે પેટ્રોલિંગમાં ફરી રહી હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે ગોત્રી વિસ્તારમાં રહેતો ચંદન સંજય ઝાને તથા શાકીબ સલીમીયા શેખને વડોદરા શહેરમાંથી 20 મેના રોજ 6 મહિના માટે તડીપાર કરાયો હતો. તેમ છતાં આ બંને આરોપીઓ હદપારનો હુકમનો સરેઆમ ભંગ કરીને તેના ફરી શહેરમાં પ્રવેશ કરી રહેવા લાગ્યા છે. જેના આધારે એસઓજીની ટીમે તેમના ઘરે રેડ કરીને બંને ઝડપી પાડ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચની રણોલી વિસ્તારમાંથી ઝડપી પડાયો

## ઘરફોડ ચોરીના ગુનામાં બે વર્ષથી નાસતા-ફરતા રીઢા ચોરની ધરપકડ

**આરોપીને** વેજલપુર તથા હાલોલ ટાઉનશિપ પોલીસને સોંપવા તજવીજ



(પ્રતિનિધિ) વડોદરા તા.10

પંચમહાલ જીલ્લાના વેજલપુર અને હાલોલ વિસ્તારમાંથી ઘરફોડ ચોરીના ગુનામાં ફરાર રીઢા ચોરને રણોલી વિસ્તારમાંથી ઝડપી પાડ્યા છે. પોલીસની ધરપકડથી બચવા માટે બે વર્ષથી નાસતા ફરતા હતા.

વડોદરા શહેર વિસ્તારમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમ 9 જૂનના રોજ પેટ્રોલીંગની કામગીરી કરી રહી હતી. તે દરમ્યાન મળેલ બાતમીના આધારે રણોલી ખાતેથી રાજેશભાઇ સોમાભાઇ ગોસાઇને ઝડપી પાડ્યો હતો. પોલીસ દ્વારા તેની પુછપરછ કરતા પંચમહાલ જીલ્લાના વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે તથા હાલોલ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ઘરફોડ ચોરીના ગુનામા બે વર્ષથી નાસતો ફરતો હતો. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તેને વેજલપુર અને હાલોલ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે સોંપવાની તજવીજ હાથ ધરાઈ છે. આરોપી રાજેશ ગોસાઈએ અઢી વર્ષ પહેલા હાલોલના અડોદરા ગામમાં દુધની ડેરી સામે મકાનમાં સાગરીતો સાથે મળી રોકડા 55 હજારની તથા હાલોલ ટાઉનમાં પાવાગઢ રોડ પર એક મકાનમાં સોના ચાંદિના દાગીના, ડિ.વી.આર મળી 48 હજારની ચોરી કરી હોવાનું જણાવ્યું છે. આરોપી વિરૂધ્ધ ઘરફોડ ચોરી, વાહન ચોરી, મારામારીના સમા, ગોત્રી, રાવપુરા, સયાજીગંજ, આણંદ રૂરલ, નડીયાદ પશ્ચીમ, જેતપુરા પાવી પોલીસ સ્ટેશન ખાતે 9 ગુના પણ નોંધાયા છે.

પીસીબીની ટીમે રેડ પાડી, એક વોન્ટેડ જાહેર

## સમામાંથી 95 હજારના દારૂ અને બિયર સાથે બે ઝડપાયા

**બૂટલેગરે** ખાડાઓ ખોદીને દારૂનો જથ્થો સંતાડી રાખ્યો હતો



(પ્રતિનિધિ)વડોદરા તા.10

સમા વિસ્તારમાં બે જગ્યા પર પીસીબી પોલીસને રેડ કરીને 95 હજારના વિદેશી દારૂ અને બિયરના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા જ્યારે એકને વોન્ટેડ જાહેર કર્યો છે.

સમા વિસ્તારમાં આવેલા સંજયનગર પાસે રણછોડનગરમાં રહેતો રમણ ઉર્ફે શીયાળ માળી ચોરછુપીથી વિદેશી દારૂનો ધંધો કરે છે. તેણે તેના મકાનની પાછલ વિશ્વામિત્રી નદીના કોતરમાં અલગ અલગ જગ્યા પર ખાડાઓ ખોદીને તેમાં દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. ત્યાં મુકીને ઉભો રહીને દારૂનું છુટક વેચાણ કરે છે. તેવી મળેલી બાતમીના આધારે પીસીબીની ટીમે સ્થળ પર રેડ કરી હતી. જેમાં રમણ ઉર્ફે શિયાળ મહીજી માળી ઝડપાઇ ગયો હતો જ્યારે શાહરૂખને વોન્ટેડ જાહેર કર્યો છે. તેને સાથે રાખીને ગાબાઓમાં તપાસ કરતા વિદેશી દારૂ તથા બિયરના ટીન 83 હજાર તથા રોકડ રકમ અને મોબાઈલ મળી 93 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. તેવી જ રીત બીજા બનાવમાં સમા સંજયનગરમાં રહેતો હિંમત ઉર્ફે અબ્બો માળી પોતના ઘરેથી દારૂનું વેચાણ કરે છે. જેથી પીસીબીએ રેડ કરીને તેને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી દારૂ અને બિયર મળી 9 હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો છે. બંને આરોપી સહિતના મુદ્દામાલ સમા પોલીસ સ્ટેશનાં સુપ્રત કરાયો છે.

અધિકારીઓના બહેરા કાને રજૂઆત પહોંચાડવા વિરોધ

## ઉભરાતી ગટરના પ્રશ્ને રોડ પર ચક્કાજામ થયા



**6 મહિનાથી** પાંજરીગર મહોલ્લામાં ઉભરાતી ગટરની સમસ્યા, લોકોમાં રોગચાળો ફેલાવવાની દહેશત

( પ્રતિનિધિ ) વડોદરા તા.10

વડોદરા શહેરમાં સ્માર્ટ સિટીની વાતો કરતા પાલિકા તંત્રની સ્માર્ટ પ્રિમોન્સૂન કામગીરી સામે સવાલો ઉઠવા પામ્યા છે. ફતેપુરા પાંજરીગર મહોલ્લામાં છેલ્લા છ મહિનાથી ઉભરાતી ગટરના પ્રશ્ને આજે મહિલાઓ વિફરી હતી. રજૂઆત ધ્યાને નહીં લેવાતા મહિલાઓએ રોડ ઉપર ખુરશી મૂકી તેની પર બેસી ચક્કાજામ કરતાં પોલીસ દોડતી થઈ હતી.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાલમાં પ્રિમોન્સૂન કામગીરી કરવામાં આવી રહી છે. જો કે ક્યાંકને ક્યાંક આ કામગીરી સામે સવાલો ઉઠવા પામ્યા છે. તો બીજી તરફ શહેરના કેટલાક વિસ્તારોમાં રોડ રસ્તા પાણી ડ્રેનેજની સમસ્યાથી ત્રસ્ત લોકો મુશ્કેલીમાં મુકાયા છે. સ્થાનિક વોર્ડ કચેરીમાં અનેક વખત રજૂઆત કરવા છતાં પણ લોકોની રજૂઆત સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાના પણ આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. વડોદરા શહેરના ફતેપુરા પાંજરીગર મહોલ્લામાં છેલ્લા છ મહિનાથી ગટરો ઉભરાઈ રહી છે. મળ મૂત્ર વાળા દૂષિત પાણી ફરી વળતા લોકો નર્કગાર ભર્યું જીવન ગુજારવા મજબૂર બન્યા છે. સ્થાનિક કોર્પોરેટર વોર્ડ કચેરીમાં અનેક વખત રજૂઆત કરવા છતાં પણ આજ દિન સુધી સમસ્યાનું નિરાકરણ કરવામાં નહીં આવતા વિસ્તારની મહિલાઓનો રોષ ભભૂકી ઉઠ્યો હતો. મહિલાઓએ માર્ગ ઉપર ખુરશી મૂકી તેની પર બેસી જઈ ચક્કાજામ કર્યું હતું. ટ્રાફિકજામ થતા જ પોલીસે દોડતી થઈ હતી પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જ્યાં પોલીસ અને સ્થાનિકો વચ્ચે શાબ્દિક ટપાટપીના પણ દ્રશ્યો સર્જાયા હતા. સ્થાનિક મહિલા શાહીન શેખે જણાવ્યું હતું કે અમારા ફતેપુરા પાંજરીગર મહોલ્લામાં છેલ્લા છ મહિનાથી ગટરનું પાણી ઉભરાઈ રહ્યું છે સમગ્ર ગલીઓમાં દૂષિત પાણી ફરી વળ્યા છે. મળ મૂત્ર વાળા આ પાણીમાંથી અમારે પસાર થવું પડે છે. નાના બાળકોને લઈને અમારે અહીંથી જ નીકળવું પડે છે. મોટા વડીલોને નમાજ પઢવા માટે જવામાં પણ મુશ્કેલી પડે છે. ઘણી વખત તો પીવાના પાણીમાં ગટરનું પાણી મિશ્રિત થઈ જાય છે અનેક વખત અમે ફરિયાદ નોંધાવી છે. પણ ખબર નહીં કેવી કામગીરી કરે છે કે, પરિસ્થિતિ પાછી જેવી છે તેવી જ થઈ જાય છે.

પાર્થ સ્કૂલ જુનિયર સમા, ઇન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષ મિક્સ ઓક્યુપેન્સી ઉમા ચાર રસ્તા વાઘોડિયા રોડને નોટિસ ફટકારાઇ

## 3 ઝોનમાં 8 બિલ્ડીંગના 132 એકમો સીલ

**સેવાસી રોડ** પર આવેલા ડીકેથ્લોનને સીલ કરવામાં આવ્યું





( પ્રતિનિધિ ) વડોદરા તા.10

વડોદરા મહાનગરપાલિકા અને ફાયર વિભાગ દ્વારા ફાયર સેફટી અને એનઓસી મામલે કાર્યવાહી હાથધરવામાં આવી હતી. જેમાં પાલિકાના ત્રણ ઝોનમાં મળી 8 બિલ્ડીંગના કુલ 132 એકમોનેને સીલ કરવામાં આવ્યા હતા. જ્યારે ફાયર વિભાગ દ્વારા પાર્થ સ્કૂલ જુનિયર સમા, ઈન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષ મિક્સ ઓક્યુપેન્સી ઉમા ચાર રસ્તા વાઘોડિયા રોડ, અને પાદરાના 6 પાર્ટી પ્લોટને નોટિસ અને વુડા દ્વારા સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

મહાનગરપાલિકાના વિસ્તારમાં આવેલ સંસ્થાનો જેવા કે હોસ્પિટલો, શાળાઓ, ટયુશન કલાસીસ, હોટલ ,રેસ્ટોરન્ટ, કાફે, મોલ્સ, શો રૂમ્સ, વ્યાપારી સંસ્થાઓ, ફીટનેસ સેન્ટર, કોલ સેન્ટર્સ, ફર્નિચર મોલ્સ, ગાદલાની દુકાનો, પ્લે સ્કુલ વિગેરેમાં ફાયર સેફટી અને અન્ય એન્જીનીયરીંગ સંલગ્ન બાબતો જેવી કેસિવિલ, ઈલેક્ટ્રીકલ,મિકેનીકલ બાબતોના ધારાધોરણોનું પાલન કરવામાં આવે છે કે કેમ તથા બાંધકામ પરવાનગી , ઓક્યુપેશન સર્ટીફીકેટમાં જણાવેલ બાબતોનું પાલન કરવામાં આવે છે કે કેમ તે બાબતોની ચકાસણી કરવા ફાયર ડીપાર્ટમેન્ટની 6 ટીમો અને ઝોન દીઠ 2 ટીમો મળી કુલ 14 ટીમો દ્વારા શહેરના વિવિધ 4 ઝોનમાં કાર્યવાહી કરવામાં આવી છે.

જેમાં પૂર્વ ઝોનમાં અગાઉ નોટિસ આપેલ પૈકી કુલ 4 એકમો કલાપી ફરસાણ, પરમ ઈમેજીંગ સેન્ટર, નવ્યા નીંગ હોમ, કેશવ કુટીર રેસ્ટોરન્ટ સીલ કરેલ છે.પશ્ચિમ ઝોનમાં અગાઉ નોટિસ આપેલ પૈકી તક્ષશીલા પ્રિ સ્કુલ 1 યુનિટ, લાભ આઈકોન 124 યુનિટ કોમ્પલેક્ષ , રંગ એન્જલ ઈન્ટ પ્લે સ્કુલ 2 યુનિટ મળી 3 બિલ્ડીંગના કુલ 127 એકમો સીલ કરવામાં આવ્યા છે.દક્ષિણ ઝોનમાં અગાઉ નોટિસ આપેલ પૈકી ચાઈના ગેટ રેસ્ટોરન્ટને સીલ કરવામાં આવેલ છે.

આમ ત્રણે ઝોનમાં મળી 8 બિલ્ડીંગના કુલ 132 એકમોનેને સીલ કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત ફાયર ડીપાર્ટમેન્ટની 6 ટીમો દ્વારા પણ કુલ 8 સ્થળોની તપાસ કરવામાં આવી હતી. જે પૈકી પાર્થ જુનીયર સ્કુલ, ઈન્દ્રપ્રવ્થ કોમ્પલેક્ષ 6 પાર્ટીપ્લોટને બી-10 નોટીસ આપવામાં આવી હતી.

## નાગરવાડા મચ્છીપીઠ ખાતે ગેરકાયદેસર દબાણ પર પાલિકાની કડક કાર્યવાહી

( પ્રતિનિધિ ) વડોદરા તા.10

વડોદરા દબાણ સાખ નાગરવાડા મચ્છીપીઠ ગેરકાયદેસર રીતે દબાણ કરી ગેરેજ વાળા પર ત્રાટકી હતી. છેલ્લા કેટલાય સમય થી અનેક લોકો એ ફરિયાદ કરી હોવા છતાં પાલિકા કોઈ કાર્યવાહી કરીના હતી. આજ રો અચાનક દબાણ શાખા ના અધિકારીઓ કર્મચારીઓ પોલીસ નીં ટીમ સાથે નાગરવાડા મચ્છી પીઠ આવી પોહચી હતી ત્યારે ગેરેજ વાળા માં નાસભાગ જોવા મળી હતી. સંવેદનશીલ વિસ્તાર હોવાના કારણે પાલિકા દબાણ શાખા પોલીસની ટીમ સાથે પોહચી હતી. અને ગેરકાયદેસર ચાલતા અને રોડ પર દબાણો કરી ટ્રાફિક સમસ્યા સર્જાઈ એવા ગેરેજો ના કાચા બાંધકામ અને સામાન જપ્ત કરવાની કાર્યવાહી કરી હતી.